# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

**ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૬૫ • તા. ૭ જૂન થી ૧૩ જૂન ૨૦૨૫**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.


## ધર્મ અને જ્ઞાતિ વિકાસની નવી દિશા તરફ એક મજબૂત પગલું...

## શ્રી ક દ ઓ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ સંચાલિત


# શેઠ રાયચંદ ધરમશી ભવનનું

## શિલાન્યાસ સમારંભ ભવ્ય રીતે પરિપૂર્ણ..!

શેઠ રાયચંદ ધરમશી ભવન




Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai
GJF
Life Member
SHUBH
DIAMONDS
RAJESH MOMAYA
9884149494
# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.
For Business Queries : 044-4314 1444
www.shubhdiamonds.com
Contact : 9884899494
E.Mail : pratik.mota@shubhdiamonds.com
-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# ઉંમર વધે એની સાથે ઉત્સાહ વધવો જોઈએ

બાળપણ નિર્દોષ, યુવાની મસ્તી ભરી મોજીલી હોય તો વૃદ્ધાવસ્થા પરવશ, લાચાર, એકાકી જેવી કેમ હોય છે! આમાં કોઈપણ રીતે વૃદ્ધ વડીલોનો મુખ્ય ફાળો છે. વરિષ્ઠ નાગરિકો પોતાનું જીવન તેજસ્વી રાખવું જોઈએ. તેને બદલે વિચારોના વમળમાં અટવાઈ, ઘર પરિવારની સમસ્યાઓથી ઘેરાઈ નિસ્તેજ થઈ જીવન પસાર કરે છે. પાછલી જિંદગી એવી રીતે જીવવી જોઈએ કે દરેક આપણાથી પ્રેરિત થઈ જાય. આપણું જીવન ધ્યેય અન્ય માટે ઉદાહરણ રૂપ બની જાય. પસાર થતો દરેક સમય ઉત્સાહ અને ઉમંગથી તરબતર હોવો જોઈએ. જીવનના સાઠ દાયકા પોતાના સિવાયના ઓ માટે જીવવ્યા પણ હવે પછીની આવરદા પોતાના માટે જીવીએ. જીવનની દરેક પળ અમૂલ્ય છે. દુનિયાની બધી કળાઓમાં જિંદગી કેવી રીતે જીવવી એ પણ એક કળા છે. એ રીતે જીવન જીવવાની કળા જેને આવડી ગઈ એને જીવનના દરેક તબક્કે જિંદગી માણવા લાયક લાગશે.

વ્યવસાય કે નોકરીમાંથી નિવૃત થનાર પ્રૌઢાવસ્થ વ્યક્તિ ભવિષ્ય માટે ચિંતિત હોય છે. પોતાના સ્વાસ્થ્ય માટે કાળજી ધરાવનાર હોય છે. વૃદ્ધાવસ્થા એટલે વળતાં પાણી એવું માની નિરાશા લાગણી ધરાવવી ન જોઈએ. નિવૃત્તિ બાદ એકાકી પણાની લાગણી અનુભવાય. અગાઉ જેટલું વ્યસ્ત જીવન હતું તેનો અભાવ થઈ સમય કેમ પસાર કરવો એવી વિમાસણ થાય પણ પદ્ધતિસર સમયપત્રક બનાવી નિયમિત દરેક કાર્યને જાળવી કરાય તો કોઈ માનસિક કે શારીરિક સમસ્યા ન સર્જાય. પોતાના માટે, પ્રભુ માટે અને પરજનો માટે કાર્ય થાય એનો આનંદ અને સંતોષ અલગ હોય છે. પ્રૌઢાવસ્થાનું પણ એક આગવું સૌદર્ય હોય છે. તે કેમ નિખરે એ આપણા હાથની વાત છે. બાળકોને પ્રેમ હેત ને વહાલ આપવું. યુવાનાનું માર્ગદર્શન કરવું અને સમોવડિયાઓની સાથે મૈત્રી રાખી જીવન આનંદિત કરી શકાય અને એથી પ્રફુલ્લિત થઈ શકાય છે.

આ અવસ્થા એક પાકેલાં ફળ જેવી છે. જેને જતનથી જાળવવી જોઈએ. હળવા હાથની માવજત રાખવી જોઈએ. આ ઉંમરમાં શરીરના સ્વાસ્થ્યને જાળવી રાખવું ખૂબ જ જરૂર બની જતું હોય છે. એટલે એની જાળવણી યુવાવસ્થાથી જાળવવી જોઈએ. આ સ્વાસ્થ્ય સજાગતા જો વર્ષો અગાઉથી રાખી હોય તો એ આ ઉંમરે એ સરળતાથી જળવાઈ રહે છે. પહેલું સુખ જાતે નર્યા એ તંદુરસ્તી જાળવણીનો જો સુખ આ ઉંમરે મળે તો ઉત્સાહ આનંદમાં કોઈ ઓટ આવતી નથી. નવું જાણવાની, નવું શીખવાની ધગશ આ ઉંમરે રાખવી જોઈએ જેથી નાવિન્ય જ્ઞાન પામવાની ઉત્કંઠા જીવનનો આનંદ બની શકે. નવું શીખવાના શોખથી ઉત્સાહમાં વધારો થાય છે. જીવન જીવવાનું ઝનૂન જાગે છે. જેનાથી કોઈ નેગેવિટી વિચાર આયુના દિવસો ભલે ઓટ ભણી વહેતાં હોય પણ ઉત્સાહની ભરતી સતત ઉરમાં આ અવસ્થામાં પણ રહેવી જોઈએ.

– જય જ્ઞાતિમૈયા

# સપ્તરંગી ગુણોયુક્ત સ્ત્રીનું જીવન

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

પુત્રી, પત્ની, પ્રેમિકા, માતા, બહેન, ભાભી, પુત્રવધૂ, દોસ્ત-સખી આ બધા સંબંધ-બંધન એક સ્ત્રીના જીવનમાં વણાયેલા છે. દરેકે દરેક સંબંધમાં તેનું સ્નેહ સમર્પણ, ત્યાગ, સેવા ભાવ, મૈત્રી. પ્રેમ વિવિધ રીતે નિખરે છે. સાથો સાથ બહુવિધ રીતે પ્રગટપણે બહાર આવે છે.

સ્ત્રીનું વ્યક્તિત્વ બહુરંગી છે. જે મેઘ ધનુષની આભા પ્રગટાવે છે. સ્ત્રીના બહુઆયામી સંબંધમાં સાત રંગ છે. જે તેના સંપર્કમાં આવતા સ્વજનના જીવનમાં એક એક કરીને બધા રંગ ઠાલવે છે. આ ઉમદા ગુણ કે બહુ વિધ સાત રંગ છે, સમર્પણ, સંગાથ, સંવાદ, સલામતી, સ્વીકૃતિ, સંવેદના અને સહકાર.

પુરૂષોના કમિટમેન્ટ કરતાં સ્ત્રીઓ સ્વભાવે સમર્પિત હોય છે. તેનું કમિટમેન્ટ પુરૂષો કરતાં પાકું અને ઘટ્ટ હોય છે. તેનામાં પલાયન વાદ નથી હોતો. એ વગર બોલે જવાબદારી નિભાવે છે અને ફરજ બજાવે છે. તેનો સ્વભાવ ભાગી જવા કરતાં લડવામાં લાગી જવાનું છે.

આ ઉપરાંત સંગાથ અને સંવાદનો રંગ તેનામાં ઘેરો-ઘટ્ટ છે. ભાંગ્યા તૂટ્યા સંબંધ ટકાવી રાખવા શ્રધ્ધાપૂર્વક ખૂંપી રહે છે અને સંગાથ જાળવી રાખે છે. સ્ત્રીની પ્રકૃતિ બોલકી છે. પુરૂષ માટે અબોલા સહેલા છે પણ સ્ત્રી માટે એ શક્ય નથી. ગુસ્સો ઓગળી ગયા પછી સંવાદ એની માટે શ્વાસ જેટલો જરૂરી બની રહે છે.

સ્ત્રી સલામતી માટે જીવનભર ઝંખતી રહે છે. પુરૂષ લાગણીઓથી લઈને લગ્ન સુધીની બધી સલામતી સ્ત્રીને આપતો રહે છે. પોતાના પૈસાથી ખરીદેલ ઘર કે વ્યવસાય ઠેકાણાની ઓફિસ સ્ત્રીના નામે કરી તેની પર વિશ્વાસ રાખે છે. જેથી તેને સલામતીની હૈયાધારણા રહે. પોતાના સંતાનોને, વડીલોને આર્થિક સલામતી આપવામાં સહભાગી બનવાની ઝંખના રાખે છે અને તે પૂર્ણ નિષ્ઠાથી તે નિભાવે છે. સ્ત્રીનો ખોળો સંતાન માટે સુરક્ષિત સલામતીનું સ્થાન છે.

પુરૂષની તુલનામાં સ્ત્રી સરળતાથી સ્વીકાર કરી શકે છે. ઘરની કે પતિની અથવા સંતાનોની નહીં ગમતી વાતોને પોતાના અંતરમાંથી ક્યારેય બહાર નીકળવા દેતી નથી. કોઈની બદલી નાખવા કરતાં તેને સ્વીકારી લેવાનો રસ્તો તેને હમેંશા સહેલો લાગે છે.

સ્ત્રી સંવેદનાની મૂર્તિ છે. અંતરના ઉચાટને તે રડીને વ્યક્ત કરી દે છે. એટલે નબળી તરીકે તેની છાપ છે પણ દીવાલ પર વીંટળાયેલી વેલની માફક એની સંવેદનાઓ આખી જિંદગી દરેક સ્ત્રીની છાતી સાથે વીંટળાયેલી રહે છે. કોઈની પણ જાણ બહાર સ્ત્રી એને લીલીછમ રાખવાના સતત પ્રયત્નો કરતી રહે છે.

સ્ત્રીનો સૌથી મોટો ગુણ સહકાર છે. જીવનમાં સ્ત્રીને સહકાર આપવાની વાત આવે ત્યારે એ ક્યારેય પારોઠ કરતી નથી. એ સહકાર આપવામાં માને છે. એક બહેન, પત્ની, પુત્રી કે મા સહકારના રંગમાં રંગાઈને જ સાથ આપવામાં માને છે અને મોખરે રહે છે. ગરોળી કે વંદાથી ડરનારી સ્ત્રી અંધારાનો ડર લાગતો હોવા છતાં તોય સાથીનો, સંગાથીનો કે સ્વજનનો હાથ પકડી હિંમત આપે છે અને નીડર થવાની પ્રેરણા આપે છે. મુશ્કેલીઓ સમયે મનમાં ફડફડાટ થતો હોવા છતાં નિર્ણયો લેવાની જવાબદારી હિંમતભેર બજાવે છે. તંગ દોરડા પર ચાલવાની તેની હિંમત કાબેલિયત ભરી હોય છે. આ પણ એનો અનોખો રંગ છે.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# જ્ઞાતિજનોને આવ્હાન

**આપણી જ્ઞાતિની વિરાસત ભવિષ્યમાં સચવાયેલી રહે સાથો સાથ આજની પેઢીને આપણી જ્ઞાતિની સંસ્કૃતિ-સંસ્કાર અને વિરાસતની આધારભૂત માહિતી મળે એ જરૂરી છે. જે માટે સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિ ગ્રંથનું સંકલન કરવાનું આયોજન છે. જે માટે માહિતી સંકલિત કરાઈ રહી છે.**

જ્ઞાતિના સૌ મહાજનો/સંસ્થાઓ/વ્યક્તિઓ સૌને જણાવવાનું કે આપની પાસે આપણી જ્ઞાતિ વિષેની માહિતી, વિગત, જાણકારી હોય તે લખીને ફોટા સાથે ઈમેઈલ **kdogranth@gmail.com** ઉપર મોકલવા વિનંતી

અથવા

**શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન કેડીઓ મીડિયા સમિતિ**

બી-૩, કૃષ્ણ કુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, વિકાસ પ્લાઝોની પાસે, મુલુંડ(વેસ્ટ).

**વધુ વિગત માટે સંપર્ક**

**98690 05403 / 98330 72879**

જ્ઞાન, ધર્મ અને જ્ઞાતિ વિકાસ માટે ઉત્સાહિત શ્રી ક દ ઓ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ સંચાલિત

# શેઠ રાયચંદ ધરમશી ભવન ની નિર્માણ યાત્રાની શરૂઆત - શિલાન્યાસ અને ખનન વિધિ

**દિવ્ય કૃપા - આજ્ઞા - આશિષ** પ.પૂ.આ.ભ.શ્રી ગુણ ગુણોદય કલાપ્રભ કવીન્દ્ર વીરભદ્ર મહોદાયસાગરસૂરીશ્વરજી મ.સા.
**પાવન નિશ્રા :** પ.પૂ. મુનિરાજ પ્રિયંકરસાગરજી મ.સા., શ્રમણી વૃંદ પ.પૂ.સા.શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ. સા. શ્રી આર્યરક્ષિતાશ્રીજી મ.સા. આદિ ઠાણાના આશીર્વાદ અને દાતાશ્રીઓના પાવન હસ્તે ભવ્ય રીતે પાર પડ્યો.

**શુભ ઘડી એ સ્નાત્ર પૂજા માતુશ્રી કાશ્મીરાબેન સોની, યોગીની ચેતન પોલડીયા, દીપા કેતન લોડાયા, રશ્મિ પ્રશાંત ખોના તથા મહિલા મંચ દ્વારા ભણાવવા માં આવેલ.**







**વાસ્તુ પુરુષ (વાસ્તુ યંત્ર) ના વિધિ વિધાનનો લાભ શ્રીમતી શશીકલાબેન જીતેન્દ્રભાઈ ખોના તથા માતુશ્રી લીલાવંતીબેન ઉમરશી ભારાણી પરિવારે લીધેલ**











## પાટલા પૂજન ના લાભાર્થી પરિવાર

### દશ દિકપાલ પાટલા પૂજનના લાભાર્થી પરિવાર

**માતુશ્રી કાશ્મીરાબેન રાજેન્દ્રભાઇ સોની પરિવાર તથા**
**માતુશ્રી લક્ષ્મીબેન મુલજી લાલકા પરિવાર**





### નવગ્રહ પાટલા પૂજનના લાભાર્થી પરિવાર

**માતુશ્રી વિજયાબેન મહેન્દ્રભાઈ ખોના પરિવાર તથા**
**માતુશ્રી ઉષાબેન નારણજીભાઈ મૈશેરી પરિવાર**





### અષ્ટમંગલ પાટલા પૂજન લાભાર્થી પરિવાર

**માતુશ્રી દમયંતિબેન દિલીપભાઈ દંડ પરિવાર તથા**
**માતુશ્રી સરલાબેન ચંદ્રકાંતભાઈ પોલડીયા પરિવાર**





# ભૂમિ પૂજન, ખનન વિધિ ના લાભાર્થી પરિવાર

## શ્રીમતી શશીકલાબેન જિતેન્દ્રભાઈ ખોના પરિવાર તથા
## ભવનના મુખ્ય દાતા પરિવાર શેઠશ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર વતી

માતુશ્રી દમયંતિબેન ખીમચંદ ધરમશી પરિવાર-માતુશ્રી રમીલાબેન શાંતિલાલ છેડા પરિવાર













## ગુરુજી અમારો અંતરનાદ ...અમને આપો આશીર્વાદ









# શીલાની અષ્ટપ્રકારી પૂજા તથા શીલા સ્થાપનાના લાભાર્થી પરિવાર

## વર્જ શીલા ના લાભાર્થી પરિવાર

## શ્રીમતી માલાબેન પ્રફુલભાઈ ધરમશી પરિવાર




## દંડ શીલા ના લાભાર્થી પરિવાર

## શ્રી ગુલાબભાઈ ધનજી દંડ પરિવાર







## નાગ શીલા ના લાભાર્થી પરિવાર

# માતુશ્રી લીલાવંતીબેન ઉમરશી ભારાણી પરિવાર







## ગદા શીલા ના લાભાર્થી પરિવાર

# માતુશ્રી રાજુલાબેન નલિનભાઈ મોમાયા પરિવાર







# મુખ્ય શીલા ના લાભાર્થી પરિવાર

## શ્રીમતી શશીકલાબેન જીતેન્દ્રભાઈ ખોના પરિવાર











**પરમાત્માની આરતી અને મંગલદિવો (શ્રી કેડીઓ માહિલમંચ- શ્રી કેડીઓ નવયુગ યુથ ફોરમ)**




અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.
શ્રી કલાપ્રભસાગરસુરીશ્વરજી મ.સા. દ્વારા
સુરીમંત્ર વાસક્ષેપ દ્વારા અભિમંત્રીત
રજત ઈંટ ની સ્થાપના





**શિલાન્યાસ ના શુભ અવસરે નવકારશીનો લાભ શીલા રોપણ ના સર્વે લાભાર્થી પરિવારે લીધેલ.**

શિલાન્યાસ ના શુભ અવસરે
બુંદીના લાડુની
પ્રભાવના ના લાભાર્થી
**શ્રીમતી અનિતાબેન ગીરીશભાઈ દંડ પરિવાર**

સંઘપૂજન ના લાભાર્થી
**શ્રીમતી ભારતીબેન પ્રદીપભાઈ વોરા પરિવાર**

**શાંતિ કળશ ના લાભાર્થી પરિવાર**
**માતુશ્રી પુષ્પાબેન નરેન્દ્રભાઈ લોડાયા પરિવાર**

## "પુણ્યની પાયાબંધી... સમૃદ્ધિ અને સંસ્કૃતિની નવી ઈમારત માટે સૌનો સહયોગ આવશ્યક!"

**આ પવિત્ર યાત્રાને હવે આપની સહકારશક્તિ અને દાનસહાયશક્તિની જરૂર છે.**
**આ ઈમારત નહીં પણ જ્ઞાતિનું ભવિષ્ય ઘડાશે — અને તેમાં તમારું યોગદાન અમૂલ્ય છે.**

**"જ્યાં પુણ્ય કામે આવે ત્યાં સમય અને ધનનું મહત્ત્વ વધે..."**
**ચાલો, ભવિષ્યની પેઢીઓ માટે એક અમર અનુસંધાન બાંધીએ!**

સપનાનું સાકાર સ્વરૂપ બની રહ્યું છે. **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ સંચાલિત શેઠ રાયચંદ ધરમશી ભવન, સાત માળનું ભવ્ય ભવન** જ્યાં ધર્મ આરાધના, જ્ઞાન પ્રસાર, શિક્ષણ અને જ્ઞાતિ વિકાસની દરેક પ્રવૃત્તિઓનું ચિરસ્થાયી કેન્દ્ર ઊભું થઈ રહ્યું છે.

**આરાધના ભવન** - પવિત્ર અને શાંતિમય વાતાવરણમાં ધર્મ આરાધના માટે ખાસ રચાયેલ ભવ્ય આરાધના ભવન. જ્યાં સાધના, પ્રતિક્રમણ, શિબિર વગેરે કરી શકશે.

**વિશિષ્ટ ભોજન શાળા** - એકાસણા, બિયાસણા અને આયમ્બીલ જેવી તપસ્યાના પાવન અવસરો માટે આરોગ્યપ્રદ અને શુદ્ધ ભોજન વ્યવસ્થા.

**વિવિધલક્ષી હોલ** - જ્ઞાતિ પરિવારના શુભ પ્રસંગો માટે વૈવિધ્યસભર ભવ્ય હોલ. લગ્ન સમારંભ, પારિવારિક ઉજવણી, ધર્મિક પ્રસંગો અને સામુદાયિક કાર્યક્રમો માટે ઉત્તમ અવકાશ.

**વિદ્યાર્થીગૃહ** - બહારગામ થી આવતા વિદ્યાર્થીઓ માટે સલામત અને આધુનિક વિદ્યાર્થીગૃહ. શિક્ષણ સાથે સંસ્કારનું સમતોલ પર્યાવરણ.

**આધુનિક અતિથિગૃહ** - કચ્છ અને જૈન યાત્રા તથા પ્રવાસે આવતા જ્ઞાતિજનો માટે આરામદાયક અને આધુનિક સુવિધાવાળું અતિથિગૃહ. સ્નેહભાવ અને જ્ઞાતિ એકતાના ભાવ સાથે યાત્રિકોને ઉત્તમ સેવા.

**આ સપનાની સાકારતા માટે તમારું દાન ખૂબ જ જરૂરી છે!**

આજે આપનું દાન કરો અને પોતાને આ ઐતિહાસિક યાત્રાનો ભાગ બનાવો.

**લાખેણાં દાતા રૂ. ૧.૦૮ લાખ**

**Tax Benefit Under 80G is Available**

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ**
**સંપર્ક કરો: રાજેશ ખીમચંદ ધરમશી - 99250 38896**

**"સંસ્કૃતિના મંદિર માટે તમારું દાન — ભવિષ્યના દીપકનો પ્રકાશ..."**

# હુબલી નગરે શ્રી અજીતનાથ જિનાલયનો ૧૧૮મો ધ્વજા મહોત્સવ ભવ્યતાથી સંપન્ન થયો









કર્ણાટક રાજ્યના હુબલી નગર સંઘના શ્રી અજીતનાથ જિનાલયનો ૧૧૮મો ધ્વજા મહોત્સવનું આયોજન તા.૧ જૂન રવિવારના અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાનુવર્તીના પ.પૂ.સાધ્વીશ્રી ભગવંત શ્રી સંયમ ગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ ની પાવન નિશ્રામાં વિવિધ ધર્મ આરાધનાઓ કરીને સંપન્ન થયો.

સંઘના શ્રાવક શ્રાવિકાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી ધન્ય લાભ લીધો હતો.

ધ્વજા મહોત્સવ પ્રસંગે તા.૩૧ મે શનિવારના અઢાર અભિષેક ભાવપૂર્વક થયા. ધ્વજારોહણ નિમિત્તે સવારના પાટલા પૂજન, દશ દિક્પાલ આમંત્રણ વિધિ, સ્નાત્ર પૂજા, સત્તરભેદી પૂજા તેમજ ધ્વજારોહણના ઉછાળાની બોલી કાર્યક્રમ થયેલ. બોલીનો લાભ લેનાર સહુ ભાગ્યશાળી પરિવારોએ ઉલ્હાસપૂર્વક ધ્વજારોહણ કરેલ.

સાંજે પ્રભુજીની ભવ્ય આંગી તથા ભાવનાનો કાર્યક્રમ ભક્તિપૂર્વક થયેલ. બંન્ને દિવસે શ્રી ક.દ.ઓ.જૈન મહાજન હુબલી તરફથી સ્વામિવાત્સલ્યનું જમણવાર રાખવામાં આવેલ. ઘૃતની ઉછામણી ૧૬૬૮૫૭ મણ જેટલી થઈ હતી. કાર્યક્રમની પૂર્ણાહૂતિએ મેઘરાજાએ સચરાચર અમી ઝરણાં વરસાવી શુકનવંત હાજરી પુરાવી હતી.

# NOTEBOOK CONTACT CENTERS

SHREE K.D.O. STUDENTS ASSOCIATION
ESTD : 1954

**Distribution Starting From : 8th JUNE 2025**

## GHATKOPAR
6:00 pm To 8:00pm

103, Anant Chhaya CHS, R B Mehta Marg, Sindhu Wadi, Ghatkopar (East)
- Leenaben Lodaya +91 86521 55585
- Sania Meisheri +91 83697 71584

## MULUND
10:00 am To 12:00pm

Shri. Virji Mepani Hall, Devpunj Building, Valji Ladhabhai Road, Mulund (West)
- Prisha Dand +91 82911 78762
- Jainam Dand +91 91676 02937

## BHANDUP
7:00 pm To 9:00pm

Mewad Kesari Bhavan, 1st Floor, L. B. S. Marg, Subhash Nagar, Bhandup (West)
- Preet Lodaya +91 96647 95657
- Pooja Lodaya +91 79778 84741

## KANJURMARG

Anantnath Complex , Police Station Road, Nehru Nagar, Karve Nagar, Kanjurmarg (East)
- Labdhi Mota +91 84220 37604
- Sagar Dagha +91 90042 24139
- Sakshi Shah +91 99696 26587

## MASJID BUNDER WADALA
8:00 pm To 10:00pm

1st Floor, New Anant Bhuvan, Narshi Natha Street, Masjid Bunder (West)
- Chirag Lodaya +91 96198 76560

## DOMBIVLI
10:00 am To 12:00pm

M/s. Hemant Patho World, Dr. R.P. Rd, Raghuveer Nagar, Dattanagar, Dombivli (East)

B-002, Nav Chetan CHS, Tulip Tower, Tukaram Nagar, Ayre Road, Dombivli (East)

Sir Academy (6:00 pm To 8:00pm)
2nd Floor, Siddhi Vinayak Arcade, M. Phule Road, Above Syndicate Bank, Dombivli (West)
- Parulben Dhrod +91 93237 67399
- Harsh Meisheri +91 79001 68947
- Mahek Mota +91 93215 17083

## NAVI MUMBAI
5:00 pm To 7:00pm


M/s. Prabhat Trading Co., L 35 APMC Market 1, Phase 2 - Masala Market, Vashi, Navi Mumbai
- Chandniben Lalka +91 98332 25053

## THANE
- Tuhin Goshar +91 82913 92024

## WESTERN
- Janvi Kuruwa +91 83698 19986
- Ronak Lapasiya +91 97021 58578

Per Dozen **₹200** for Members

Per Dozen **₹300** for Non-Members




*Note : Per Marksheet / Fee Receipt, Maximum Two Dozen Books Will Be Given To Each & Every Kdo Student • Please Bring Hard/soft Copy Of Membership Receipt Books Will Be Distributed On A First Come First Serve Basis • Please Bring Change & Carry Bags Along With You.

# પ.પૂ.સાધ્વીશ્રી વિનયપ્રભાશ્રીજી મ.સા. સંયમ જીવનના ૬૫મા વર્ષમાં ભવ્યતાથી પ્રવેશ કર્યો



જેઠ સુદ ૧૧ તિથિ દિને સંવત ૨૦૧૭ના જખૌના માવિત્ર માતુશ્રી કુંવરબાઈ પુનશી મૈશેરીના ધર્મ સંસ્કારી, ભક્તિ આરાધનાના અનુરાગી પુત્રી પાલિતાણામાં પ.પૂ.આ.ભ.શ્રી નંદનસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા સ્વીકારી ગુરૂમાતા પ.પૂ.સાધ્વીશ્રી વિદ્યુતપ્રભાશ્રીજી મ.સા.ના શિષ્યા બની નૂતન નામ પ.પૂ.સા.શ્રી વિનયપ્રભાશ્રીજી મ.સા. ધારણ કરી સંયમ જીવન પથનો પ્રવાસ પ્રારંભ કર્યો.

ધર્મ, તપ, ભક્તિ, આરાધના કરતા અને ભાવિકજનોને કરાવતા આજે વિક્રમ સંવત ૨૦૮૧ના જેઠ સુદ ૧૧ તિથિ દિને પૂજ્ય સાહેબ સંયમજીવનના રજત, સુવર્ણ, હીરક વર્ષ પૂર્ણ કરતા આગળ અવિરત વધતાં ૬૪ વર્ષ પૂર્ણ કરી પાવન એવા પાંસઠમા વર્ષમાં પ્રવેશ કર્યો છે. આ શુકનવંતા પ્રસંગ અવસરે સૌ ગુરૂ ભક્તોની મંગલકામના સહઅંતરની ભાવના છે કે સાહેબ અવિરત આગળ વધતા રહી સંયમ જીવનના અમૃત વર્ષ ઉપરાંત સર્વોચ્ચ શિખર એવા શતક વર્ષની પાટ પર બિરાજમાન થાય. પૂજ્ય સાહેબને શત શત વંદના.

# કોઈમ્બતુર સંઘમાં તા.૨ જૂનના મહારાજ સાહેબનો ધામધૂમ સાથે પ્રવેશ થયો



તા.૨ જૂન સોમવારના દક્ષિણ ભારતના કોઈમ્બતુર સંઘમાં મહારાજ સાહેબનો ભવ્ય પ્રવેશ ધામધૂમ સાથે થયો. આ પ્રસંગે સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી કીર્તિ ધનજી ધરમશી સાથે ટ્રસ્ટી મૂલચંદ પી.મોતા અને રાજેશ મોમાયા ઉપસ્થિત રહ્યાં હતા.


## જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

Pan Card No. : ABLTS6915L
॥ શ્રી વિમલનાથાય નમઃ ॥
ટ્રસ્ટ રજી. નં. એ/૨૬૩૯/કચ્છ.

**શ્રી વર્ધમાનનગર કચ્છી દશા ઓશવાળ જૈન ટ્રસ્ટ**

પત્રવ્યવહાર : પ્રબોધ એચ. મુનવર
લોહાર ચોક, ભીડ ગેટ પાસે, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧
મો. ૯૯૨૫૧૬૯૮૭૬

રેફ. નં. :

Date :

તારીખ 7-6-2025

વંદનીય સમાજનાં શ્રી સર્વે સંઘો, શ્રી સર્વે મહાજનશ્રીઓ, શ્રી એકમો, શ્રેષ્ઠી વર્યો દાનવીર દાતાશ્રીઓ તથા ક.દ.ઓ. જૈન જ્ઞાતિ સર્વે પરિવારજનો

જય જીનેન્દ્ર- જય મહાવીર

ભુજ નજીક ભુજથી 7 કિલોમીટરનાં અંતરે વર્ધમાનનગર વસેલું છે. ભુજ-અંજાર માર્ગે ભુજથી માધાપર પછી વર્ધમાનનગર આવેલું છે. અહીં કચ્છી દશા ઓશવાળ જૈન આપણી જ્ઞાતિનાં 75 પરિવારો રહે છે. અહીં ક.દ.ઓ. સમાજની વસ્તી 230 ની જણ સંખ્યા છે. અહીં એક જ જગ્યાએ વર્ધમાનનગરે "મીની અબડાસા" વસ્યું છે. હજુ પણ દર વર્ષે આપણી જ્ઞાતિનાં ઘરો (પરિવારો) ની સંખ્યા વધતી જાય છે. ભુકંપ પછી નિર્માણ પામેલ વર્ધમાનનગર મધ્યે અત્યારે જૈનોના 500 ઘર ખુલ્લા છે.

પૂજ્ય ગુરુભગવંતશ્રીઓની પાવન પ્રેરણાથી કે.ડી.ઓ. ભવન વર્ધમાનનગર-કચ્છ માટે મુખ્ય નામ રૂ. 25 લાખનું, મુખ્ય હોલ માટે સાત લાખ પચ્ચાસ હજારનાં બે નામો તથા ઉપર ચાર રુમ પૈકી 1 રુમ માટે રુપિયા છ લાખ પચ્ચીસ હજારનાં નામો આવેલ છે. દાતાશ્રીઓનાં નામો સંપૂર્ણ વિગત આવેથી જાહેર કરવામાં આવશે.

આ ભગીરથ કાર્યમાં આપનો સાથ-સહકાર અને સહયોગ જરુરી છે. આપણા ઘરથી-પરિવારથી આ કાર્યમાં સહયોગ આપવાની શરુઆત કરીએ છીએ. વર્ધમાનનગર-કચ્છ મધ્યેનું આપણું કે.ડી.ઓ. ભવન દરેક વ્યવસ્થાઓથી સંપૂર્ણ સજ્જ હશે. સુવિધા સભર આ કે.ડી.ઓ. અતિથિગૃહ હશે. ચારે રુમો અને મુખ્યહોલ તથા સંપૂર્ણ કે.ડી.ઓ. ભવન બિલ્ડીંગમાં દરેક વ્યવસ્થાઓ ઉભી કરવાની છે. જે માટે ભુજ અને ભુજ વિસ્તારનાં આપણી જ્ઞાતિનાં પરિવારો પાસેથી અનુદાન મેળવવાની શરુઆત કરેલ છે. વર્ધમાનનગરમાં રહેતા પરિવારો માટે ઘણાં વર્ષોથી કે.ડી.ઓ. ભવનની જરુરત હતી. હવે આપણું આ સ્વપ્નું સાકાર થવા જઇ રહ્યું છે. ત્યારે આપણે સૌ આ કાર્ય માટે સહયોગ આપીએ તેવી વિનંતી છે.

**શ્રી વર્ધમાનનગર કચ્છી દશા ઓશવાળ જૈન ટ્રસ્ટ**
પી.બી. ૩૭, જૈન દેરાસર પાસે, માધાપર-ભુજોડી રોડ,
વર્ધમાનનગર-કચ્છ. (સાઉથ) (તા. ભુજ) ૩૭૦ ૦૨૦
E-mail : shrivardhmannagarkdojaintrust@gmail.com

Pan Card No. : ABLTS6915L    ॥ શ્રી વિમલનાથાય નમઃ ॥    ટ્રસ્ટ રજી. નં. એ/૨૬૩૯/કચ્છ.

# શ્રી વર્ધમાનનગર કચ્છી દશા ઓશવાળ જૈન ટ્રસ્ટ

પત્રવ્યવહાર : પ્રબોધ એચ. મુનવર
લોહાર ચોક, ભીડ ગેટ પાસે, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧
મો. ૯૯૨૫૧૬૯૮૭૫

રેફ. નં. :    Date :

આપણી જ્ઞાતિનાં 150 પરિવારોએ અહીં પોતાનં મકાનો લઇ લીધેલ છે. 75 પરિવારો રહે છે. જ્યારે 65 પરિવારોએ મકાનો ભાડે આપ્યા છે. મુંબઇ-દેશાવર વસતા 10 પરિવારોનાં મકાનો બંધ છે. આમ અહીં સતત કે.ડી.ઓ. સમાજનાં પરિવારોનો વધારો થઇ રહ્યો છે.

દાતાશ્રીઓનાં સહયોગથી વર્ધમાનગર મધ્યે કે.ડી.ઓ. ભવન માટે તૈયાર મકાન લીધેલ છે. વર્ધમાનનગર મધ્યે એક સુવિધાસભર તૈયાર અથિતિગૃહ નિર્માણ પામ્યું છે. ત્યારે આ ભગીરથ કાર્યમાં ખૂટતી-કડીઓ પૂરવા સર્વે સમાજવાસીઓને પ્રાર્થના છે. સમગ્ર કે.ડી.ઓ. સમાજ માટે ખુશીની ઘડી છે. કચ્છમાં આ એક જરૂરી સુવિધા ઉભી થઇ છે. તે પણ વર્ધમાનનગરમાં આપણું કે.ડી.ઓ. ભવન.  આપણાં સમાજનું ભવન...

નીચે મુજબ યોજનાઓનો લાભ લેનાર દાતાશ્રીઓનાં નામ ગ્રેનાઇટ તકતી ઉપર એક સાથે એક તકતી ઉપર અંકિત કરવામાં આવશે.

1. હીરક દાતાશ્રી    રૂ. 1,08,000
2. ગોલ્ડ દાતાશ્રી    રૂ. 54000
3. સિલ્વર દાતાશ્રી    રૂ. 27000

4 રૂ. 11 હજાર સુધીનું અનુદાન આપનાર દાતાશ્રીઓનાં નામ આધાર સ્થંભ દાતા તરીકે ગ્રેનાઇટની તકતી ઉપર એક સાથે એક તકતી ઉપર અંકિત કરવામાં આવશે.

5 રૂ. 11 હજારથી નીચે અનુદાન આપનાર દાતાશ્રીઓનાં નામ એક સાથે એક બેનર ઉપર પ્રસિદ્ધ કરવામાં આવશે. જે બેનર કે.ડી.ઓ. ભવન ઉદ્ઘાટન પ્રસંગે લગાડવામાં આવશે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| 6 | એ.સી. નંગ-8 | રૂ. 5,00,000 | 10. | સોલાર પ્લાન્ટ | રૂ. 5,00,000 |
| 7 | વોટર કુલર નંગ-1 | રૂ. 51,000 | 11. | સ્ટીલ ટેબલ નંગ-10 | રૂ. 51,000 |
| 8 | ખુરશી નંગ-100 | રૂ. 60,000 | 12. | આર.ઓ. પ્લાન્ટ સીસ્ટમ-2 | રૂ. 1,51,000 |
| 9 | સેટી પલંગ નંગ-15 | રૂ. 75,000 | 13. | બેડીંગ સેટ નંગ-50 | રૂ. 75,000 |

દરેક વસ્તુઓ ઉપર દાતાશ્રી, શ્રીસંઘ કે શ્રી મહારાજનશ્રીનું નામ લખવામાં આવશે.

શ્રી વર્ધમાનનગર કચ્છી દશા ઓશવાળ જૈન ટ્રસ્ટ
પી.બી. ૩૭, જૈન દેરાસર પાસે, માધાપર-ભુજોડી રોડ,
વર્ધમાનનગર-કચ્છ. (સાઉથ) (તા. ભુજ) ૩૭૦ ૦૨૦
E-mail : shrivardhmannagarkdojaintrust@gmail.com

Pan Card No. : ABLTS6915L    ॥ શ્રી વિમલનાથાય નમ :॥    ટ્રસ્ટ રજી. નં. એ/૨૬૩૯/કચ્છ.

# શ્રી વર્ધમાનનગર કચ્છી દશા ઓશવાળ જૈન ટ્રસ્ટ


પત્રવ્યવહાર : પ્રબોધ એચ. મુનવર
લોહાર ચોક, ભીડ ગેટ પાસે, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧
મો. ૯૯૨૫૧૬૯૮૭૬


રેફ. નં. :    Date :

કે.ડી.ઓ. ભવનનાં કાયમી નિભાવ અને જરૂરી સુવિધાઓ ઉભી કરવા આપનું અનુદાન જરૂરી છે. હજુ પણ ભોજનશાળા માટે 2 રુમ તથા શ્રમણ-શ્રમણીવૃંદ માટે 1 રુમ બનાવવાનું આયોજન છે. જેમાં આપનો સાથ સહકાર અને સહયોગ મળી રહેશે. તેવી આશા સાથે આપનો ખૂબ-ખૂબ આભાર....

ફુલ નહીં તો ફુલની પાંખડી રુપે આપનું અનુદાન મળશે તો અમો આ ભગીરથ કાર્ય સફળતાપૂર્વક પરિપૂર્ણ કરી શકશું. ટૂંક સમયમાં આ તૈયાર કે.ડી.ઓ. ભવન ખુલ્લું મુકાશે. તક લેવાનું ચૂકશો નહીં આવી તક ફરીવાર નહીં મળે. આપના સ્વજનો તથા વડીલો અને સંસ્થાની કાયમી સ્મૃતિ રુપે લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી આ કાર્યમાં સહયોગ આપવા વિનંતી છે.

**ટ્રસ્ટનું નામ તથા બેંકની સંપૂર્ણ વિગત આ સાથે મોકલાવી આપેલ છે.**

**A/c Name : Shri vardhmannagar kutchchi Dasa Oswal Jain Trust**
**Bank Name : The Cosmos Co-Op Bank Ltd. – Bhuj-kutchh.**
**A/c No. 053100108808 - IFSC CODE : COSB0000053**

સંપર્ક નંબર    - સર્વે ટ્રસ્ટીગણના બહુમાન પૂર્વક વંદન સ્વીકારશોજી.

પ્રબોધ હીરાચંદ મુનવર-9925169876,મહેન્દ્ર પદમશીં લોડાયા-9315650679
દિલીપ રતનશીં મોતા-9427249549, હીરાચંદ લક્ષ્મીચંદ છેડા-9879357246
તુષાર મણીલાલ જૈન-9879600868,હરીશ શીવજી લોડાયા-9979198899
રાહુલ બીપીન દંડ-9978790169,વિનય લધુભાઇ હેફા-9978323607
અમીતા તુષાર જૈન-9925226248


શ્રી વર્ધમાનનગર કચ્છી દશા ઓશવાળ જૈન ટ્રસ્ટ
પી.બી. ૩૭, જૈન દેરાસર પાસે, માધાપર-ભુજોડી રોડ,
વર્ધમાનનગર-કચ્છ. (સાઉથ) (તા. ભુજ) ૩૭૦ ૦૨૦
E-mail : shrivardhmannagarkdojaintrust@gmail.com

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જૂનથી ઓગસ્ટ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૭/૮/૧૫ જુન ૨૦૨૫ | વી.એલ.વી.જી.વિદ્યાર્થી ગૃહ, ઘાટકોપર એડમિશન માટે ઇન્ટરવ્યુ. |
| તા. ૧૪/૧૫ જૂન ૨૦૨૫ | લ.વી.કન્યા છાત્રાલય, ઘાટકોપરઃ એડમિશન માટે ઈન્ટરવ્યુ. |
| તા. ૧૫ જૂન ૨૦૨૫ | નોંધણીની અંતિમ તારીખ મુંબઈ મહાજન આયોજિત પર્યુષણ બાદ કચ્છ પંચતીર્થીની ચૈત્ય પરિપાટી. ૮૮૭૯૩૨૪૦૦૫ |
| તા. ૧૬ થી ૨૧ જુન ૨૦૨૫ | મુંબઈ મહાજન, અનંતનાથજી ટ્રસ્ટ તથા ન.ના.મેડિકલ ટ્રસ્ટ આયોજિત આંખ, ઘુંટણ અને ત્વચા રોગ નિવારણ કેમ્પ ડૉ. કુરૂવાની સંજીવની નર્સિંગ હોમ, ભાડુંપ. મો.નં. ૯૯૬૭૫૨૪૦૫૦ |
| તા. ૨૦ જૂન ૨૦૨૫ | નલિયામાં શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિ ભવનનુ નુતનિકરણ ૧૫ રૂમોની નવી વિંગ, ઉપહાર ગૃહ તથા બન્ને વિંગને જોડતી લિફ્ટનું ભુમી પૂજન |
| તા. ૨૨ જૂન ૨૦૨૫ | શ્રી વરાડીયા ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન સ્નેહ મિલન જૈનમ હોલ, ભાડુંપ બપોરે ૪.૦૦ ક. થી. |
| તા. ૨૭ જૂન ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન નલિયા નુતન અતિથિ ભવન નવ નિર્માણ ભૂમિપૂજન, ખાત મુહુર્ત તથા મુખ્ય શિલાન્યાસ. સવારે ૯.૩૦ ક. ધર્મશાળા ફલિયા, નલિયા. |
| તા. ૦૬ જૂલાઈ ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. મંડળ ડોમ્બિવલી સાંસ્કૃતિક કાર્યક્રમ |
| તા. ૩૧ જૂલાઈ ૨૦૨૫ | ફોર્મ ભરવાની છેલ્લી તારીખ શ્રી ક.દ.ઓ. જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ નર્સરીથી ધો. ૧૦ ના વિદ્યાર્થીઓ માટે શાળા ફી તથા પુસ્તક સહાય. મો.નં. ૮૬૫૭૬૩૭૩૨૦ |
| તા. ૧૫ ઓગસ્ટ ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. મંડળ, ડોમ્બિવલીના સ્થાપના દિવસ નિમિત્તે શ્રી મહાકાળી માતાજીની ભકિત અને AGM મંડળના કાર્યાલયમાં. |


## જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# સંજીવની કેસ નં.૧૮૯ માટે જરૂરી ભંડોળ રૂા.૧.૩૫ લાખ જમા થઈ જતાં ક્રાઉડ ફંડિગ બંધ કરાયું




મંજલ રેલડીયા વડોદરાના ૨૧ વર્ષીય કુમારી ધ્રુવી અવિનાશ દંડ પડી જવાથી નાની ટવિસ્ટિંગ ઈન્જરી અને જમણા ઘૂંટણનું મેનિસ્કસ ફાટી ગયું. જેને કારણે જમણા પગના ઘૂંટણના સાંધામાં સતત દુઃખાવો અને અસ્થિરતા છે. આ કારણોસર પગનું અસંતુલન અને ચાલવામાં મુશ્કેલી થાય છે. ડોક્ટરો દ્વારા આર્થોસ્કોપી ઘૂંટણની સર્જરી કરવાની સલાહ આપવામાં આવી. જેનો અંદાજિત ખર્ચ રૂા.૧.૩૫ લાખ અપાયો.

ધ્રુવી માતા પિતા અને નાના ભાઈ સાથે રહે છે. પિતા કપડાની દુકાનમાં નોકરી કરી ગુજારા જોગ લઘુતમ વેતન મેળવે છે. માતા ગૃહિણી છે. પરિવારની કોઈ ખાસ બચત નથી કે નથી મેડિક્લેમનો સપોર્ટ આ પરિસ્થિતિમાં દંડ પરિવારે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ સમક્ષ અરજી મૂકી જેને માટે ક્રાઉડ ફંડિગ શરૂ કરાયું.

ક્રાઉડ ફંડિગ શરૂ થતાંની સાથે નામ માત્ર સમય દરમ્યાન જરૂરી ભંડોળ જમા થઈ જતાં ક્રાઉડ ફંડિગ અટકાવી દેવાયું. આ અરજી માટે મદદ કર્તા સૌ દાતાઓ, મહાજન, ટ્રસ્ટ, એકમ, મંડળોની ઉદારતા માનવતા ભર્યા સહકાર્ય બદલ આભાર સાથે ભૂરી ભૂરી અનુમોદના.

# માહિર સિતારવાદક હીરલ જિગ્નેશ મૈશેરી પરિવારના સંગીત વારસાને બખૂબીથી આગળ વધારી રહ્યા છે



મોટી સિંધોડી હાલે અમદાવાદના ૫૬ વર્ષીય હીરલબેન જિગ્નેશ મૈશેરી પોતાના પરિવાર તરફથી વારસાગત મળેલી કળાને જીવંત રાખવા અને નવી પેઢી સુધી આ કલાને પહોંચાડવા માટે ૪૦ વર્ષથી કાર્યરત છે. ભારતીય શાસ્ત્રીય વાદ્યોના વાદનને સૌથી અઘરી કલા અને સાધના માનવામાં આવે છે. સામાન્ય રીતે આજે લોકો પરંપરાગત વારસા અને કલાને જાળવવા માટે રસ દાખવતા નથી ત્યારે અમદાવાદમાં જજીસ બંગલા વિસ્તારમાં રહેતા હીરલબેન સંગીત વારસાને જાળવવા કટીબધ્ધ છે.

પોતાના પેશન વિષે વિસ્તારથી જણાવતાં હીરલબેન કહે છે કે મારા દાદા અને પિતાને બંનેને સંગીતનો નાદ હતો. તેઓ ભારતીય શાસ્ત્રીય ગાયન સાથે જોડાયેલા હતા. પરિવારમાં ચાર ભાઈ-બહેનો પરંતુ પોતાના સિવાય કોઈને મ્યુઝિક પસંદ ન હતું. એટલે નવી પેઢીમાંથી ભારતીય સંગીતને જીવંત રાખવાનું અને પારિવારીક વારસાને આગળ ધપાવવાનું કાર્ય મેં હાથમાં લીધું.

ઘરમાં સવારે પિતાજી અને દાદાજી રિયાઝ કરતાં તેથી પરિવારમાં પહેલાથી જ ભારતીય કલા પ્રત્યે આદર અને માન હતા. તે જોઈને ૧૪ વર્ષની વયે સિતાર શીખવાનું શરૂ કર્યું અને અત્યાર સુધી સિતાર સાથે જોડાયેલી રહી છું. લગ્ન કરીને અમદાવાદ આવી ત્યારથી સપ્તક સાથે જોડાઈને સિતાર વાદન કરી રહી છું. વડોદરામાં નારાયણ ભવરીયા અને અમદાવાદમાં મંજુલાબેન મહેતા, કામિનીબેન અને પ્રતિમાબેન સાથે તેઓ સિતારવાદન કરી રહ્યાં છે.


તેઓ વડનગર ખાતે તાના-રિરિ શાસ્ત્રીય સંગીત મહોત્સવ, દિલ્હીમાં રીમ્પા મહોત્સવ અને સપ્તકમાં પરફોર્મ કરેલ છે. સપ્તક સાથે તેઓ ૨૬ વર્ષથી સંકળાઈને વિવિધ સ્થળોએ મંચ ઉપર પરફોર્મ આપ્યું છે. તેઓ જોગ, તિલક-શ્યામ, તિલક-કમોદ, હંસવાણી, હેંમત જેવા ઘણા રાગોનું વાદન કરી શકવા માટે કાબેલ છે. તેઓ નિયમિતપણે દરરોજ એક કલાક સિતાર વાદન કરે છે. જે પર્સનલ અને પ્રોફેશનલ લાઈફમાં મદદરૂપ થાય છે. સંગીત સાધનાને અખંડ વધારી પારિવારિક વારસાને જાળવી રાખે એવી શુભેચ્છા આપીએ.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# ભાવભીની શ્રદ્ધાંજલિ




**પારસભાઈ લોડાયા**
તા.૩૧ મે (ઉ.૪૪)
તેરા-ડોંબિવલી



**વિજયાબેન મુનવર**
તા.૧ જૂન (ઉ.૮૪)
જખૌ-ડોંબિવલી



**વિશનજીભાઈ લાપસીયા**
તા.૨ જૂન (ઉ.૮૭)
દલતુંગી-મુલુંડ



**ઉષાબેન લોડાયા**
તા.૨ જૂન (ઉ.૭૮)
સુથરી-મુલુંડ



**ચંદનબેન નાગડા**
તા.૫ જૂન (ઉ.૮૧)
નલિયા-મુલુંડ



**હેમલતાબેન નાગડા**
તા.૫ જૂન (ઉ.૮૪)
નલિયા-મુલુંડ



**દમયંતીબેન લોડાયા**
તા.૫ જૂન (ઉ.૭૨)
સાંધવ-ભાંડુપ



**હરીશભાઈ ધરમશી**
તા.૬ જૂન (ઉ.૭૮)
સાંધાણ-કોઈમ્બતુર

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**


**શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન, મેડિકલ સમિતિ**



KDO SANJIVANI

## કેડીઓ સંજીવની

માટેની વિગતવાર માહિતી માટે તથા મેડિકલ સહાય માટે

**સંપર્ક:**

| | |
|---|---|
| મનીષા શાહ | 98695 76527 |
| ડો. ધારિણી નાગડા | 98197 22300 |
| ભરત મૈશેરી | 98200 58048 |
| રમેશ મોતા | 98196 55259 |



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● માંડવીની શેઠ ખીમજી રામદાસ કન્યા વિદ્યાલયને રાજ્યકક્ષાએ ત્રીજાક્રમે શ્રેષ્ઠ શાળા તરીકેનો એવોર્ડ મળ્યો છે. રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા જુદા જુદા માપદંડોના આધારે રાજ્યની શ્રેષ્ઠશાળાનો એવોર્ડ આપવામાં આવે છે. આ અંતર્ગત રાજ્યની ૩૧ શાળાની પસંદગી સમિતિ દ્વારા ઓનલાઈન ગુણાંકન થયા બાદ રાજ્યકક્ષા પસંદગી સમિતિ દ્વારા ફાઈનલ વિજેતા જાહેર કરાયા. કચ્છમાંથી ભાગ લીધેલ ચાર શાળામાંથી મોલાત તરીકે ઓળખાતી શેઠ ખીમજી રામદાસ કન્યા વિદ્યાલયે રાજ્યમાં શ્રેષ્ઠ શાળાનો ત્રીજો ક્રમ મેળવતાં રૂા.૨ લાખનું ઈનામ મેળવ્યું છે.

● અખિલ ભારત કચ્છી જૈન સમાજના ઉંમર લાયક ઉમેદવારો માટે પાત્ર પસંદગીનું વિશાળ ફલક ઉપલબ્ધ કરાવી દેવાના હેતુથી કવીઓ કેન્દ્રીય સમિતિ અને મહારાષ્ટ્ર કવીઓ જૈન સમાજ એકમના સંયુક્ત ઉપક્રમે 'ગોઠવણ ૨૦૨૫' પરિચય મિલનનું આયોજન હિલ સ્ટેશન મહાબળેશ્વરની ડ્રીમલેન્ડ હોટલમાં કરવામાં આવ્યું હતું. આખા દેશમાંથી અપરણિત, ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ કે અંડર ગ્રેજ્યુએટ ઉમેદવારોની સાથે છૂટાછેડા લીધેલ, વિધવા અને વિધૂર ઉમેદવારો મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સંમેલનમાં ઉમેદવારો સાથા માતા કે પિતા બંન્નેમાંથી એક હાજર રહ્યાં હતાં. સ્થાનકવાસી મહાજનના પ્રમુખ વિજ્ઞેશભાઈ ભેદાએ ઉમેદવારોને પ્રોત્સાહન સ્વરૂપે પ્રથમ પાંચ સગપણ નક્કી થાય તેમને માતબર રકમની ભેટ તેમજ ડ્રીમલેન્ડ હોટલના મનીષભાઈ તેજાણીએ પરિચય મિલનના સગપણ થયેલ માંથી પ્રથમ લગ્ન થનાર નવ યુગલને બે રાત ત્રણ દિવસનું પેકેજ ડ્રીમલેન્ડમાં ઓફર કર્યું હતું.

● અબડાસાના પાણીદાર વિસ્તારોમાં પંજાબ હરિયાણાના મહેનત કશ ખેડૂતોએ વર્ષોથી પોતાના ડેરા તંબૂ તાણીને સૂકી બંજર જમીનને હરિયાળી બનાવી દીધી છે. ઘઉના પાકમાં પંજાબ હરિયાણાની જેમ મોટું ઉત્પાદન કરી અબડાસાના ઘઉં દેશના વિસ્તારોમાં મોકલે છે. આ વર્ષે વિક્રમી એક લાખ એકરમાં વાવેતર કર્યું હોવાથી અંદાજે ૩૫૦ કરોડની આવક એકમાત્ર ઘઉં રળી આપશે તેવો અંદાજ બાંધવામાં આવ્યો છે. ઘઉં કાઢવા માટે ખાસ પંજાબ, હરિયાણા, રાજસ્થાનથી ૬૦ જેટલા હાર્વેસ્ટર મશીન અબડાસા તાલુકામાં આવી ગયા છે. આ યંત્ર વાહનોને અહીં આવતા ત્રણથી ચાર દિવસ લાગે છે. ઘઉં કાઢવા માટે હાર્વેસ્ટર મશીનના એકર દીઠ રૂા.૧૧૦૦ થી ૧૩૦૦ રૂા. કલાકના લેવાય છે. કોઠારા ભાનાડા, સાંધવ, ખુઅડા, ડુમરા, કનકપર, રવા, ભાચુંડા, ખીરસરા, બીટિયારી, વાકું, લાલા, સિંધોડી, વાડાપધ્ધર, પરજાઉ સહિતના વિસ્તારોમાં ઘઉંનું ભરપૂર વાવેતર કરાયું છે. એક એકરમાં ૧૪૦૦ થી ૧૬૯૦ કિલો ઘઉં ઉપજે છે.

● મૂળ ડુમરાના અને મુંબઈને કર્મભૂમિ બનાવનારા પર્યાવરણ, જળ સંચય અને જીવદયા સહિતના ક્ષેત્રોમાં નેત્ર દીપક અને યાદ રહેનારું પ્રદાન આપનારા કોટિવૃક્ષ અભિયાનના પ્રણેતા લક્ષ્મીચંદ દેવજી શાહ–એલ.ડી.શાહના અવસાનથી કચ્છને કારમી ખોટ પડી હોવાની તેમના મૂળ વતન ગામે સર્વધર્મ જ્ઞાતિ દ્વારા આયોજિત શ્રધ્ધાંજલિ સભામાં અનેક અગ્રણીઓ વ્યક્ત કરી હતી. કચ્છ માટે તેમનું પ્રદાન ક્યારેય ન ભુલાય તેવું અણમોલ હોવાનું અત્રેથી કહેવાયું હતું.

● મુંબઈના વાગડ બે ચોવીસી ગુર્જર જૈન સ્થાનકવાસી મિત્ર મંડળ દ્વારા સમાજના વડીલો માટે દ્વિતીય વડીલ મેળાવડાનું આયોજન રાજસ્થાનના નાકોડા તીર્થ ખાતે કરાયું હતું. જેમાં ૬૦ વર્ષથી ઉપરના ૯૦૦ વડીલ જોડાયા હતા. આયોજન ત્રણ દિવસનું હતું. સૌએ પાર્શ્વનાથની ભક્તિ કરવાનો અને સૌ સાથે હળવાશથી મળવાનો જૂના સંસ્મરણો તાજા કરીને આનંદ માણ્યો હતો.

● ઉનાળાની કાળઝાળ ગરમીમાં અબોલા જીવોને તેમજ તરસ્યા પશુ પક્ષીઓને પીવાનું પાણી મળી રહે એવા ઉદ્દેશ સાથે માનવ જ્યોત સંસ્થા ભુજ દ્વારા ૨૧ વર્ષથી જીવદયા ક્ષેત્રે અનોખું કાર્ય દાતાઓ અને જીવદયા પ્રેમીઓના સાથ સહકારથી કરવામાં આવી રહ્યું છે. એલ.ડી.શાહના જલારામ ચેરિટેબલ ટ્રસ્ટ દાદર તથા કોટિવૃક્ષ અભિયાન બિદડા આ કાર્યમાં સહકાર આપી રહ્યાં છે. માનવ જ્યોતના કૂંડાં અને ચકલીઘર કચ્છના દરેક નાના મોટા શહેરો અને ગામડાઓ સુધી પહોંચ્યા છે.

ARIHANT BANK

SHRI ARIHANT CO-OP. BANK LTD.

# Watch your savings grow, effortlessly.

FIXED DEPOSIT

720 Days

RATE OF INTEREST

*7.85% per annum

For General Public

*8.35% per annum

For Senior Citizens

STAMP FRANKING

Now Available

*Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| | | | | | |
|---|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 | |
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

Toll Free : 1800 221 984

Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)



www.arihantbank.com

@ Arihant Bank